કી.સેન.

S. J. & E. DEPTT.
10
IWDMS 90977

સંકલ્પભૂમિ સ્મારક, વડોદરા ખાતેના ડૉ.બાબાસાહેબ આંબેડકરના મ્યુઝિયમ માટે રાજ્ય કક્ષાની મોનીટરીંગ અને સુપરવિઝન સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:પરચ/૧૦૨૦૧૭/૨૭૪૨૧૩/હ(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૦૮/૨૦૨૩

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૮/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક:-અજાક/મ-૩/૨૦૨૩/૨૩૫૫-૫૭

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, વડોદરાનો તા.૨૭/૦૬/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:-ટીસી/૩૧૫૦/૨૦૨૩

(૩) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૫/૦૭/૨૦૨૩નો પત્ર ક્રમાંક:અજાક/મ-૩/૨૦૨૨/૩૨૦૭

આમુખ:

ભારત સરકાર દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના સંદર્ભમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા બે નવા સ્થળોનો વિકાસ કરવાનો નિર્ણય કરેલ હતો. જેમાં "સંકલ્પભૂમિ સ્મારક" વડોદરાનો સમાવેશ થયેલ છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરના સંકલ્પ દિવસ તા.૨૩/૦૯/૧૯૧૭ ને વર્ષ-૨૦૧૭ માં ૧૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે, જે અન્વયે સંકલ્પભૂમિ સ્મારક, વડોદરા ખાતેના ડૉ.બાબાસાહેબ આંબેડકરના મ્યુઝિયમ માટેની રાજ્ય કક્ષાની ઈવેલ્યુએશન સમિતિની રચના કરવા માટે નિયામકશ્રી(અ.જા.ક.), ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક-(૧) તથા (૩) પરના અનુક્રમે તા.૧૮/૦૫/૨૦૨૩ તથા તા.૦૫/૦૭/૨૦૨૩ના પત્રોથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. તથા વંચાણે લીધા ક્રમાંક-(૨) પરના કાર્યપાલક ઈજનેરશ્રી, વડોદરાના તા.૨૭/૦૬/૨૦૨૩ ના પત્રથી પણ આ સમિતિની કામગીરીની વિગતો સાથે સમિતિની રચના માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે "સંકલ્પભૂમિ સ્મારક, વડોદરા ખાતેના ડૉ.બાબાસાહેબ આંબેડકરના મ્યુઝિયમ માટે રાજ્ય કક્ષાની મોનીટરીંગ અને સુપરવિઝન સમિતિ"ની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, એજન્સીનું પ્રેઝન્ટેશન જોયા બાદ ટેક્નીકલ ઈવેલ્યુએશનના ૧૦૦ ગુણ પૈકીના ફક્ત ૪૦ ગુણનું મૂલ્યાંકન તથા સમગ્ર પ્રોજેક્ટનું મોનીટરીંગ

અને સુપરવિઝન કરવા માટે સંકલ્પભૂમિ સ્મારક, વડોદરા ખાતેના ડૉ.બાબાસાહેબ આંબેડકરના મ્યુઝિયમ માટે નીચે મુજબની રાજ્ય કક્ષાની મોનીટરીંગ અને સુપરવિઝન સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨. | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |
| ૩. | સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ અથવા તેમના પ્રતિનિધિ | સભ્ય |
| ૪. | સચિવશ્રી, નાણા વિભાગ (ખર્ચ) અથવા તેમના પ્રતિનિધિ | સભ્ય |
| ૫. | પ્રવાસન કમિશનરશ્રી અને વહીવટી સંચાલકશ્રી, ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ | સભ્ય |
| ૬. | જિલ્લા કલેક્ટરશ્રી, વડોદરા | સભ્ય |
| ૭. | શ્રી હિરેન ગાંધી, પ્રોજેક્ટના આર્કિટેક્ટશ્રી/કન્સલ્ટન્ટશ્રી | સભ્ય |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધર્મિષ્ઠા વસાવા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સમિતિના તમામ સભ્યશ્રીઓ (નિયામકશ્રી(અ.જા.ક.)મારફત)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.ક) (નિયામકશ્રી(અ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૩.